


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com (M) 8238260259



વર્ષ - ૫૬ માર્ચ - ૨૦૨૬ પત્ર - ૧૫૧


## વધસ્તંભ

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

આપણે સર્વ લેન્ટ-તપઋતુના સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. આપણે સર્વ લેન્ટની મિટીંગોમાં પામ સન્ડે, ગુડ ફ્રાઈડે, ઈસ્ટર અને દુઃખ સહન સપ્તાહની રાત્રિની મિટીંગોમાં મળીશું. આપણામાંનાં ઘણા આ તપઋતુના સમયમાં ઉપવાસ કરતા હશે, માથ્થી ૪:૨ પ્રભુ ઈસુ ખ્રિસ્તે ચાળીસ રાત દહાડા સુધી ઉપવાસ કર્યા, પ્રાર્થનામાં દઢતાથી લાગુ રહેતા હશે અને દાનો આપતા હશે. ઈશ્વરપિતાના જીવંત વચનો વાંચવા, તેનું મનન કરવું, તે પર આપણું મન પરોવતા હોઈશું, પવિત્ર અને શુદ્ધ જીવન ગાળતા હોઈશું. ઈશ્વરનું મુખ શોધવું અને સતત ઈશ્વરની સંગતમાં રહેવું. આ તપઋતુના સમયમાં આપણે આ બધું જ કરીએ છીએ. અને ઈશ્વર પ્રત્યે આભારી ભાવ દર્શાવીએ છીએ. કેમ કે ઈશ્વરપિતાએ આપણી ઉપર પ્રેમ કર્યો, યોહાન ૩:૧૬, કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણી મુલાકાત લીધી. આપણી પાસે આવ્યા. ગી.શા. ૮:૪ ત્યારે હું કહું છું કે માણસ તે કોણ છે કે તું તેનું સ્મરણ કરે છે ? અને મનુષ્યપુત્ર કોણ કે તું તેની મુલાકાત લે છે ? પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર બલિદાન આપ્યું, રક્ત વહેવડાવ્યું અને આપણને ભરપૂરીપણાનું જીવન આપ્યું છે.

**વધસ્તંભ :** પ્રભુ ઈસુ ખ્રિસ્તના સમયમાં વધસ્તંભ પરનું મૃત્યુદંડ તે અતિક્રૂર શિક્ષા હતી. વધસ્તંભની શિક્ષા નિર્દય, નિષ્ઠુર અને કષ્ટદાયક હતી. લાકડાના વધસ્તંભ પર તીક્ષ્ણ ખીલાથી હાથ અને પગ જડી દેવામાં આવતા હતા અને વધસ્તંભ પર લટકાવવામાં આવતા હતા. આ ખૂબ જ યાતના, વેદના અને પીડા આપનારી શિક્ષા હતી. જેમાં ગુંગળામણ, થાક અને શારીરિક પીડાને કારણે રીબાઈ રીબાઈને મરણ પામતા. વધસ્તંભ માનવ ઈતિહાસમાં સૌથી નિર્દય અને પીડાદાયક મૃત્યુદંડના સ્વરૂપોમાંનું એક હતું.

**વધસ્તંભ આપણને માફી આપે છે :** વધસ્તંભ ખ્રિસ્તી ધર્મનું પ્રતીક છે, પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમ અને બલિદાનનું પ્રતિક છે, પ્રભુ ઈસુ ખ્રિસ્તે માનવ સેવા કરી, ઈશ્વરના રાજ્યની વાત કરી, બોધ કર્યો, સાજાપણું આપ્યું, મરણમાંથી સજીવન કર્યા, અદ્ભુત સેવા કરી છતાં લોકોએ તેમને વધસ્તંભે જડાવી દીધા. તેમને કોરડાનો માર મારવામાં આવ્યો, કાંટાનો મુગટ ગુંથીને તેના માથા પર મૂક્યો, તેઓએ તેને મુક્કીઓ મારી. યોહાન ૧૯:૧-૩ પ્રભુ ઈસુ ખ્રિસ્ત નિર્દોષ, નિષ્પાપ, નિષ્કલંક હતા. તેમણે માનવજાતિને પાપોમાંથી ઉદ્ધાર મળે, તારણ પ્રાપ્ત થાય માટે તેમણે વધસ્તંભ પર પોતાનું બલિદાન આપ્યું, રક્ત વહેવડાવ્યું, આપણે પ્રાયશ્ચિત સાથે વધસ્તંભની પાસે આવીએ છીએ ત્યારે આપણને ઉદ્ધાર, તારણ અને પાપોની માફી મળે છે. યશાયા ૫૩:૪ ખચીત તેણે આપણાં દરદ માથે લીધા છે, ને આપણાં દુઃખ વેઠ્યા છે. પણ આપણે તો તેને હણાયેલો, દેવથી માર પામેલો તથા પીડિત થયેલો માન્યો. પ્રભુ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે જડવામાં આવ્યા, ઈસુ પોતાના પૃથ્વી પરના જીવનની અંતિમ પળોમાં વધસ્તંભ પરથી જેઓએ તેમને વધસ્તંભે જડી દીધા હતા, જેઓએ તેમનું અપમાન અને મશ્કરી કરી હતી તેમને લૂક ૨૩:૩૪ - ઈસુએ કહ્યું 'હે બાપ, તેઓને માફ કર, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.'

**વધસ્તંભ આપણને સાજાપણું આપે છે :** પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર વહેવડાવેલા રક્તમાં પાપોની માફી છે. યશાયા ૫૩:૫, પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણા પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.

**વધસ્તંભ આપણને સામર્થ્ય આપે છે :** જીવનો બદલવાનું સામર્થ્ય વધસ્તંભ પાસે છે. ૧ કરિંથી ૧:૧૮ કેમ કે નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે. વધસ્તંભની પાસે પાપોની માફી મળે છે, સાજાપણું મળે છે અને તે આપણને સામર્થ્ય આપે છે.

ભજનસંગ્રહ ગીત-૧૧૪, પ્રભુ તે દુઃખ સહ્યાં શાં શાં, કથું હું તેમને ક્યાં ક્યાં જણાવું, ધૈર્ય તુજ ક્યાં ક્યાં, ગણાવું તુજ વિપત્ત ક્યાં ક્યાં!

માટે આવો આ તપઋતુના સમયમાં વધસ્તંભની પાસે આવીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણા માટે દુઃખો સહન કર્યા તેને યાદ કરીએ અને ખરા અર્થમાં પ્રભુ ઈસુની પાસે આવીએ અને પ્રભુ તેમના આત્માના સામર્થ્યથી આપણને ભરશે. આમેન.

# દુઃખસહન સપ્તાહની સભાઓ

તા. ૨૯ માર્ચ ૨૦૨૬ થી ૫ એપ્રિલ ૨૦૨૬ સુધી દરરોજ રાત્રે ૭:૩૦ કલાકે દુઃખ સહન સપ્તાહની સભાઓનું આયોજન અમદાવાદ પાળક મંડળ દ્વારા કરેલ છે. આપણા રાયખડ વિસ્તારના પાળક મંડળમાં **વક્તા રેવ. ડૉ. ડેવિડ જોય** પ્રભુનું વચન લાવશે.

**સ્થળ : આઈ.પી.મિશન સ્કૂલ કંપાઉન્ડ, રાયખડ**

**બાઈબલ અભ્યાસ : તા. ૩૦ માર્ચ ૨૦૨૬ સોમવારથી ૨ એપ્રિલ ૨૦૨૬ ગુરુવાર સુધી**

**દરરોજ સવારે ૮ થી ૯ કલાક દરમ્યાન બાઈબલ અભ્યાસ સી.એન.આઈ. ચર્ચ, રાયખડ થશે.**

**આવો... પ્રાર્થના સહ... ભાગ લો... આશીર્વાદ પામો...**

પામ સન્ડે : ૨૯ માર્ચ ૨૦૨૬ પામ સન્ડેની ભજનસેવામાં મળીશું. જેમાં રેવ. ડૉ. ડેવિડ જોય પ્રભુનું વચન લાવશે.

ગુડ ફ્રાઈડે : ૩ એપ્રિલ ૨૦૨૬ ગુડ ફ્રાઈડેની ભજનસેવામાં સવારે ૯:૦૦ કલાકે ચર્ચમાં મળીશું. પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવશે. ગુડફ્રાઈડેની ભજનસેવામાં કોફીન બોક્સ માટે સ્પેશ્યલ દાનાર્પણ લેવામાં આવશે. બપોરે ૩:૦૦ કલાકે સાત વાણી ઉપર મનન કરાવવામાં આવશે.

**ઈસ્ટર :** તા. ૫ એપ્રિલ, ૨૦૨૬ ઈસ્ટરની ભજનસેવા માટે સવારે ૯:૦૦ કલાકે ચર્ચમાં મળીશું.

ખાસ નોંધ : મંડળીના ભાઈઓ અને બહેનો નાણાંકીય વર્ષ માર્ચ માસમાં પૂર્ણ થતું હોવાથી આપના માસિક અને વાર્ષિક દાન તા. ૨૨ માર્ચ ૨૦૨૬ સુધીમાં આપના વિસ્તારના કારભારી ભાઈઓ અને બહેનોને જમા કરાવી દેશો. કારભારી ભાઈઓ અને બહેનો તમારા દાન ટ્રેઝરરશ્રીને વહેલી તકે જમા કરાવી દેશો.

## લેન્ટની મિટીંગો

આપણી મંડળીમાં ૪૦ દિવસની લેન્ટની મિટીંગો રાત્રે ૮:૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં થઈ રહી છે. જો આ લેન્ટની મિટીંગો આપના ઘરે રાખવા માંગતા હોય તો અથવા આપની અનુકૂળતા અને વ્યવસ્થા પ્રમાણે ચર્ચમાં આપના કુટુંબ તરફથી રાખી શકો છો. આ માટે પાળક સાહેબનો સંપર્ક કરશો. આ લેન્ટની મિટીંગોમાં ભાગ લેવા માટે આપ સર્વને પ્રેમભર્યું આમંત્રણ છે.

## ટેલિફોન ડિરેક્ટરી

આપણી મંડળીમાં ટેલિફોન ડિરેક્ટરી નામ, એડ્રેસ, બર્થ ડે વિગેરે માહિતી સાથે બહાર પાડવા માંગીએ છીએ. જે આપણા સર્વ ભાઈઓ અને બહેનોને ખૂબ ઉપયોગી બનશે. મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર વૉટ્સએપ ગ્રુપમાં ટેલિફોન ડિરેક્ટરી માટે ફોર્મની પી.ડી.એફ. ફાઈલ મૂકવામાં આવી છે. જો તમે આ ફોર્મ ભરીને હજુ સુધી આપ્યું નથી તો વહેલી તકે એટલે કે તા. ૧૫ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ફોર્મની વિગતો ભરી અને પાળક સાહેબને મોકલી આપશો.

## મંડળીની સંગતો

૧. દર રવિવારે સવારે ૯:૦૦ કલાકે ચર્ચમાં ભજનસેવા માટે મળીએ છીએ. ભજનસેવામાં કુટુંબ સાથે ભાગ લઈએ. દર મહિનાના પ્રથમ રવિવારે પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવે છે.

૨. દર રવિવારે ભજનસેવા બાદ સન્ડેસ્કૂલ નિયમિત મળે છે. તમારા બાળકોને સન્ડેસ્કૂલમાં મોકલશો.

૩. દર મહિનાના બીજા રવિવારે ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળે છે.


૪. મહિનાના ત્રીજા રવિવારે ભજનસેવા બાદ મહિલા મંડળની સંગત મળે છે.

૫. મહિનાના ચોથા રવિવારે એમ.વાય.એફ.ની સંગત મળે છે.


૬. આપના સુગંધીદાર ધૂપ સમાન દાનો પ્રાર્થના સહ અર્પણ કરતાં રહેશો.

૭. એક બીજાને ઉત્તેજન આપીએ અને એકબીજાને માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ.

## BIRTHDATE IN MARCH



૩/૩ ભારતીબેન એ. ક્રિશ્ચિયન
૬/૩ આલાપભાઈ જે. માસ્ટર
૬/૩ સુનિલભાઈ એસ. સોલંકી (USA)
૮/૩ રીટાબેન જે. કીન
૧૨/૩ રીનાબેન જે. દાસ
૧૨/૩ સુહાસીનીબેન ટી. રૂબી
૧૩/૩ જીની જે. મેકવાન
૨૪/૩ સત્યવતીબેન વી. દાસ
૨૫/૩ ટવીંકલ વી. ક્રિસ્ટી
૨૬/૩ મેરેલીન એન. ચૌહાણ
૨૯/૩ કલ્પનાબેન વી. ક્રિસ્ટી
૨૯/૩ સિલાસભાઈ જી. ચૌહાણ
૩૧/૩ નિલેશભાઈ આર. રાઠોડ



**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ એક આશીર્વાદિત કુટુંબ તરફથી મળેલ છે. - આભાર**

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ફેબ્રુઆરી-૨૦૨૬

- તા. ૮-૨-૨૦૨૬, ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટીમાં મળ્યા. ત્યાર બાદ એમ.વાય.એફ.ના જુવાનો અને મંડળીના આગેવાનો સાથે બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડની મુલાકાત કરવામાં આવી હતી. વધુ માહિતી માટે એમ.વાય.એફ. અહેવાલ જુઓ.
- તા.૧૫-૨-૨૦૨૬, મંડળીની પિકનીકમાં ઓરસંગ કેમ્પ સાઈટ, વડોદરા પાસે ગયા હતા. પિકનીક પ્રભુએ ખૂબ જ આશીર્વાદિત કરી માટે પ્રભુનો આભાર.

  શ્રી લિનિયસભાઈ પેલ્મોરે ભજનસેવાનું લીડીંગ કર્યું અને શ્રીમતી યાચનાબેન ક્રિશ્ચિયન દ્વારા પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું. આભાર.
- તા. ૧૮-૨-૨૦૨૬, ભસ્મ બુધવારથી ૪૦ દિવસોની લેન્ટની મિટીંગોનું આયોજન મંડળીમાં કરવામાં આવ્યું છે. રાત્રે ૮:૦૦ કલાકે લેન્ટની મિટીંગમાં નિયમિત મળીએ છીએ. પ્રાર્થના કરશો અને આ મિટીંગોમાં ભાગ લેશો.
- તા. ૨૨-૨-૨૦૨૬, ભજનસેવામાં સન્ડેસ્કૂલ તરીકે ઉજવવામાં આવ્યો. કુ. જ્યોતિબેન કે. વાઘેલાએ ભજનસેવાનું લીડીંગ કર્યું અને શ્રી એલ્વીસભાઈ બારૈયા પ્રભુનના વચનોનું મનન કરાવ્યું હતું. સન્ડેસ્કૂલ દ્વારા ૨૦૨૫ ડિસેમ્બરમાં વાર્ષિક પરીક્ષાના પરિણામો બાદ સન્ડેસ્કૂલના બાળકો જેઓએ પરીક્ષામાં ભાગ લીધો હતો તેમને અને ટીચર્સને ઈનામો આપવામાં આવ્યા હતા.

## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| પારૂલબેન એ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦ |
| યાચનાબેન એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| શેરીલભાઈ આર. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| રીટાબેન જે. કીન | આ.સ્તુ. | ૨૫૦૦ |
| કેનીથભાઈ એફ. ટેલર | બર્થડે | ૫૦૦ |
| સમીરભાઈ એસ. ભાટીયા | બર્થડે | ૨૧૦૦ |
| મોનીકાબેન એસ. ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| રોહિતભાઈ ફ્રાન્સીસ | આ.સ્તુ. | ૨૦૦ |
| વેલેન્ટીનાબેન દાસ | બર્થડે | ૫૦૦ |
| એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| આર્લીન આર. પરમાર | બર્થડે | ૫૦૦ |
| ફ્રાન્સીસભાઈ વી. ગોહેલ | લેન્ટ | ૫૦૦ |

## નાણાંકીય અહેવાલ જાન્યુઆરી - ૨૦૨૬

| | | |
|---|---|---|
| **તા.૧-૧-૨૬ ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૭૪૬૦-૦૦ |
| | બેંક | ૬૨૫૫૩૮-૫૯ |
| **તા.૩૧-૧-૨૬ સુધીની** | આવક | ૧૫૬૨૮૧-૦૦ |
| | કુલ | ૭૮૯૨૭૯-૫૯ |
| **તા.૩૧-૧-૨૬ની બંધ સિલક** | | |
| | રોકડ | ૭૭૮૫૦-૦૦ |
| | બેંક | ૫૫૭૮૨૯-૫૯ |
| **તા.૩૧-૧-૨૬ સુધીનો** | ખર્ચ | ૧૫૩૬૦૦-૦૦ |
| | કુલ | ૭૮૯૨૭૯-૫૯ |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર**, ટ્રેઝરર

## સન્ડેસ્કૂલ - બાળદિન અને બાળકો તથા વાલીશ્રીઓની રિટ્રીટનો અહેવાલ

**'બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા; કેમ કે દેવનું રાજ્ય એવાઓનું છે.' માર્ક ૧૦:૧૪**

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

તા. ૨૨-૨-૨૦૨૬ રવિવારને શાહપુર મેથોડિસ્ટ ચર્ચમાં બાળદિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. શ્રી એલ્વિસભાઈ બારૈયા જેઓ વેકેશન બાઈબલ સ્કૂલ મિનિસ્ટ્રીઝ બેંગ્લોરમાં રીજીનલ કો-ઓર્ડિનેટર છે. તેઓશ્રીએ સંદેશો આપ્યો હતો. કુ. જ્યોતિબેન કે. વાઘેલાએ ભક્તિસભાનું સંચાલન પાળક સાહેબના માર્ગદર્શન પ્રમાણે કર્યું હતું. શ્રી એલ્વિસભાઈ તથા તેમના ધર્મપત્નીનું ફૂલોથી સન્માન કરવામાં આવ્યું હતું. ચર્ચ તરફથી લવ ગીફ્ટ આપવામાં આવી હતી. બાળકોએ અભિનય સાથે ગીત રજુ કર્યું હતું. બાઈબલના અધ્યાયો, મુખ પાઠ કલમો તથા બાઈબલના જૂના કરાર તથા નવા કરારના પુસ્તકો બાળકો મોઢે બોલ્યા હતા. આભાર. ત્યારબાદ વર્ષ ડિસેમ્બર ૨૦૨૫ની સન્ડેસ્કૂલની વાર્ષિક પરીક્ષા આપનાર બાળકો તથા શિક્ષકોને મંડળી તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. આભાર. ચર્ચ છૂટ્યા પછી તરત જ બાળકો તથા માતા-પિતાઓ માટે રિટ્રીટ શરૂ કરવામાં આવી. તેનું સંચાલન શ્રીમતી ફ્રેનીબેન એ. ક્રિશ્ચિયને કર્યું હતું. શ્રી એલ્વિસભાઈએ વાલીઓ માટે અને ઉષાબેને બાળકોને પ્રભુના વચનો શીખવ્યા હતા. બાઈબલ આધારિત બાળકોને રમતો રમાડી હતી. તેમાં દરેક જણને ખૂબ જ મજા આવી હતી. મંડળી તરફથી જમવાની અને ઠંડાપીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર. પાળક રેવ. રાજુ પરમાર સાહેબ અમારી સાથે રહીને અમને માર્ગદર્શન તથા દોરવણી પૂરી પાડી હતી. આભાર. આ કાર્યમાં સાથ, સહકાર જે લોકોએ આપ્યો છે તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. સઘળું માન મહિમા ને ગૌરવ ઈશ્વરપિતાને હો.

સન્ડેસ્કૂલ સુપ્રિટેન્ડેન્ટ

**શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા**

# એમ.વાય.એફ. દ્વારા બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડની મુલાકાત - અહેવાલ

માનનીય પાળક સાહેબ અને મંડળીના તમામ સભાજનોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

સ્થાનિક એમ.વાય.એફ. દ્વારા બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડની મુલાકાત લેવામાં આવી હતી જેનો ટૂંકો અહેવાલ નીચે મુજબ છે.

તા. ૮-૨-૨૦૨૬ રવિવારના રોજ બપોરે ભક્તિસભા બાદ સ્થાનિક એમ.વાય.એફ. દ્વારા બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડની મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમને મંજૂરી આપવા બદલ માનનીય પાળક સાહેબ અને પાસ્ટોરેટ સમિતિનો આભાર માનવામાં આવે છે. એમ.વાય.એફ.ના જુવાનો સાથે સ્થાનિક પાળક સાહેબ રેવ. રાજુ પરમાર સાહેબ, પાળક કુટુંબ, ગુજરાત રીજીનલ કોન્ફરન્સના લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટર, સેક્રેટરી શ્રી સુનિલભાઈ મેકવાન, ખજાનચી શ્રી શરદભાઈ માસ્ટર, એમ.વાય.એફ. એડવાઈઝર, લે-લીડર શ્રી એન્થનીભાઈ ઈમેન્યુઅલ, પાસ્ટોરેટ સમિતિના અન્ય સભ્યો અને મંડળીના સભ્યોએ મુલાકાતમાં ભાગ લીધો હતો.

બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડના ડિરેક્ટર શ્રીમતી જ્યોત્સનાબેન બ્રેઈનર્ડ, સ્ટાફ મેમ્બર્સ અને બાળકો સાથે મુલાકાત લેનાર સહુએ ભોજનની સંગત માણી હતી. આ ભોજન સ્થાનિક લે-લીડર અને એમ.વાય.એફ. એડવાઈઝર શ્રી એન્થનીભાઈ ઈમેન્યુઅલ તથા તેમના કુટુંબ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યું હતું. તે બદલ કુટુંબનો આભાર માનવામાં આવે છે. ભોજનની વ્યવસ્થા માટે શ્રી શૈલેષભાઈ માસ્ટરનો આભાર વ્યક્ત કરવામાં આવે છે. ભોજન બાદ સેન્ટરના બાળકો સાથે સંગત સભાનો આનંદ માણ્યો હતો. રેવ. રાજુ પરમાર સાહેબ અને શ્રીમતી જ્યોત્સનાબેન બ્રેનાર્ડ દ્વારા તેનું સંચાલન કરવામાં આવ્યું હતું. સેન્ટરના બાળકો અને સ્ટાફ દ્વારા પાળક સાહેબ અને બેન, એમ.વાય.એફ. તથા મંડળીના આગેવાનોનું પુષ્પ ગુચ્છ આપી આવકાર કરવામાં આવ્યો હતો.

પાળક સાહેબ દ્વારા ટૂંકું મનન કરવામાં આવ્યું હતું. સેન્ટરના બાળકો દ્વારા સુંદર ગીતો, મુખપાઠ કલમો, અધ્યાયો અને બ્રેઈલ લિપીમાં બાઈબલ વાંચન કરવામાં આવ્યું હતું. સેન્ટરના ડિરેક્ટર શ્રીમતી જ્યોત્સનાબેન બ્રેઈનર્ડ દ્વારા સેન્ટરમાં ચાલતી પ્રવૃત્તિઓ વિષે ટૂંકો અહેવાલ આપવામાં આવ્યો હતો અને તેમની જરૂરિયાતો વિષે રજૂઆત કરવામાં આવી હતી. બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડને એમ.વાય.એફ. દ્વારા પ્લાસ્ટિકની ૨૦ ખુરશીઓ ભેટ આપવામાં આવી હતી. સાથે સાથે મંડળીના સભ્યો અને અન્ય મિત્રો પાસેથી એકત્ર કરેલ દાનમાંથી સેન્ટરના બાળકો અને સ્ટાફ માટે ૧ નાહવાનો ટુવાલ, ૧ નાનો ટુવાલ, બિસ્કિટ અને વેફરની કીટ બનાવી તેમને આપવામાં આવી હતી. કીટ માટે વસ્તુઓની ખરીદીમાં મદદ કરનાર કુમારી વેલેન્ટીના દાસ અને શ્રીમતી વેલેન્ટીનાબેન ગોહિલનો ખાસ આભાર માનવામાં આવે છે. સ્થાનિક સેક્રેટરી શ્રી સુનિલભાઈ મેકવાન દ્વારા રૂ. ૧૦,૦૦૦/-નું દાન આપવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ એમ.વાય.એફ. દ્વારા એકત્ર કરેલ દાનમાંથી બચેલ રકમ સાથે સેન્ટર માટે હાર્મોનિયમ લાવી તેમને ભેટ આપવામાં આવ્યું હતું. ગુજરાત રીજીનલ કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટર, સેક્રેટરી શ્રી સુનિલભાઈ મેકવાન, લે-લીડર શ્રી એન્થનીભાઈ ઈમેન્યુઅલ અને એમ.વાય.એફ. પ્રમુખ કુમારી એનેશા ડી. હેરી દ્વારા સેન્ટરના સ્ટાફ અને બાળકોનો આભાર માનવામાં આવ્યો હતો અને તેમનાં માટે ઉત્તેજનદાયક શબ્દો કહેવામાં આવ્યા હતા. સંગત સભા ખૂબ જ આશીર્વાદિત રહી હતી. સંગત બાદ સેન્ટરના સ્ટાફ અને બાળકો સાથે ગ્રુપ ફોટો પડાવવામાં આવ્યો હતો. સેન્ટરની મુલાકાતે હાજર રહેનાર એમ.વાય.એફ.ના દરેક જુવાનોનો ખાસ આભાર માનવામાં આવે છે.

આ કાર્યક્રમ માટે દાન આપનાર, સ્પોન્સર થનાર, અન્ય કામોમાં સાથ આપનાર, મુલાકાતમાં સાથે આવનાર અને અમારા માટે પ્રાર્થના કરનાર દરેક વ્યક્તિઓનો હૃદયના ઊંડાણથી આભાર માનવામાં આવે છે. દાન તથા ખર્ચની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

## દાન આપનારની યાદી

| | |
|---|---|
| સુનિલભાઈ મેકવાન | ૧૦૦૦૦ |
| નિમિષાબેન ક્રિશ્ચિયન | ૬૦૦૦ |
| ચર્ચના સભ્ય તરફથી | ૩૦૦૦ |
| આલાપભાઈ માસ્ટર | ૧૬૦૦ |
| એનેશા ડી. હેરી | ૧૦૦૦ |
| મિનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| ધ્રુવરાજ વાઘેલા | ૧૦૦૦ |
| નિશી ભાટ | ૭૦૦ |
| શાલીન ગામડિયા | ૬૦૦ |
| પરિતોષ પરમાર | ૬૦૦ |
| ચંદ્ર ચૌહાણ | ૬૦૦ |
| નીલમ પરમાર | ૬૦૦ |
| ગૌરવ પટેલ | ૬૦૦ |
| હાર્દિક મિસ્ત્રી | ૬૦૦ |
| રેની ટેલર | ૬૦૦ |
| એશા રિચાર્ડસ | ૬૦૦ |
| રિનિશા ક્રિશ્ચિયન | ૬૦૦ |
| લિનિસ પેલ્મોર | ૫૦૦ |
| પ્રતિમાબેન માસ્ટર | ૫૦૦ |
| ક્રિસ્ટીના ગોહિલ | ૫૦૦ |
| શૈલેષભાઈ માસ્ટર | ૫૦૦ |
| પ્રિમાબેન માસ્ટર | ૫૦૦ |
| રિયાન માસ્ટર | ૫૦૦ |
| શાન ક્રિશ્ચિયન | ૧૦૦ |
| **કુલ** | **૩૨૮૦૦** |

### ખર્ચની યાદી

| | |
|---|---|
| હાર્મોનિયમ | ૧૬૦૦૦ |
| ૨૦ નંગ ખુરશી | ૧૨૦૦૦ |
| ટુવાલ નાના/મોટા | ૩૨૫૦ |
| બિસ્કીટ્સ | ૧૪૫૦ |
| પ્લાસ્ટિક બેગ્સ | ૧૦૦ |
| **કુલ** | **૩૨૮૦૦** |

આભાર સહ,

**કુ. એનેશા ડી. હેરી**
પ્રમુખ

**કુ. રિનિશા પી. ક્રિશ્ચિયન**
સેક્રેટરી

**કુ. ક્રિસ્ટીના એફ. ગોહિલ**
ઉપપ્રમુખ

**કુ. પ્રાર્થના એ. કાપડિયા**
ટ્રેઝરર